EDI

Navgujarat Samay

May 05, 2016
Page No. 3

# ચાઇનીઝ વિદ્યાર્થીઓની EDIમાં હિન્દીની તાલીમ

**અમદાવાદઃ** ઉન્નત વ્યવસાયિક હિન્દી પ્રમાણપત્ર કોર્સ વિશ્વના બે મોટા દેશોને નજીક લાવવામાં મદદરૂપ બનશે. ભારત અને ચીન બંને દેશોમાં કાર્યરત કંપનીઓમાં વિદ્યાર્થીઓ માટે વ્યવસાયની વિપુલ તક રહેલી છે. ઇડીઆઇ ખાતે ચીનના 13 વિદ્યાર્થીઓએ વ્યસાયિક હિન્દી ભાષાની તાલીમ મેળવી હતી. 9 મહિનાના આ વ્યવસાયિક હિન્દી પ્રમાણપત્ર કોર્સમાં વિદ્યાર્થીઓને હિન્દી ભાષાના માધ્યમથી આન્ત્રપ્રિન્યોરશીપના પાઠ શીખવવામાં આવ્યા હતા. આ કોર્સના વિદાય સમારોહમાં ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો. એમ.એન. પટેલે હાજરી આપીને ચાઇનીઝ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.